**T-20 વર્લ્ડકપ | આજની મેચ** | દ.આફ્રિકા v/s યુએઇ ▶ સમયઃ સવારે 11 વાગ્યે ▶ સ્થળઃ દિલ્હી | પાકિસ્તાન v/s નામિબીયા ▶ સમયઃ બપોરે 3.00 વાગ્યે ▶ સ્થળઃ કોલંબો | ભારત v/s નેધરલેન્ડ ▶ સમયઃ સાંજે 7.00 વાગ્યે ▶ સ્થળઃ અમદાવાદ

# ઝિમ્બાબ્વે સુપર 8માં ઓસ્ટ્રેલિયા આઉટ

**આયર્લેન્ડ** સામે મેચ ધોવાઈ જવાની સાથે ઓસ્ટ્રેલિયાની પાતળી આશાઓ પણ ધોવાઇ ગઇ

**ઝિમ્બાબ્વેનો** ભારત, દક્ષિણ આફ્રિકા અને વેસ્ટઇન્ડિઝ સાથેના ગ્રુપ જી-1માં સમાવેશ

**ગ્રુપ** જી-2માં શ્રીલંકા ઈંગ્લેન્ડ અને ન્યૂઝીલેન્ડ સામેલ, બાકીની એક ટીમ પાકિતાન અથવા અમેરિકા



પલ્લેકલ, તા. 17 (PTI) : ટી-20 વર્લ્ડકપમાં આજે મંગળવારે અહીં આયર્લેન્ડ સામેની તેમની નિર્ણાયક ગ્રુપ બી મેચ વરસાદને કારણે ધોવાઈ ગયા પછી ઝિમ્બાબ્વેએ સુપર 8 તબક્કામાં પ્રવેશ કર્યો હતો અને તેને પગલે માજી ચેમ્પિયન ઓસ્ટ્રેલિયાની પાતળી આશાઓ પણ વરસાદે ધોઈ નાંખી હતી અને ઓસ્ટ્રેલિયા તેમજ આયર્લેન્ડ ટુર્નામેન્ટમાંથી બહાર થયા હતા.

બંને ટીમોને એક-એક પોઈન્ટ આપવામાં આવ્યો હતો. વહેંચાયેલા પોઈન્ટ્સથી ઝિમ્બાબ્વેના પોઈન્ટ પાંચ થયા હતા, જે સુપર 8માં સ્થાન સુરક્ષિત કરવા માટે પૂરતા હતા. તેઓ 26 ફેબ્રુઆરીએ ચેન્નાઈમાં તેમની શરૂઆતની સુપર 8 મેચમાં ભારતનો સામનો કરશે. ઝિમ્બાબ્વેના સુકાની સિકંદર રઝાએ જણાવ્યું હતું કે અમે જેટલું હાંસલ કર્યું છે, તે માત્ર બોક્સમાં એક ટિક છે અને આખું બોક્સ નથી. ત્યાં એક નાની ઉજવણી થશે, પરંતુ પછી અમે આગામી મેચ પર ધ્યાન કેન્દ્રિત કરીશું. અમે જે હાંસલ કરવા માટે નક્કી કર્યું છે તેમાં આ માત્ર એક નાની ટિક છે. 2024ની આવૃત્તિ માટે ક્વોલિફાય કરવામાં નિષ્ફળ રહેલું ઝિમ્બાબ્વે સુપર 8 ની ટિકિટ મેળવનારી સાતમી ટીમ બની હતી, જે ભારત, દક્ષિણ આફ્રિકા અને વેસ્ટ ઈન્ડિઝનો સમાવેશ કરતા ગ્રુપ G1 ને પૂર્ણ કરે છે.

### ઓસ્ટ્રેલિયા તમામ ટી-20 વર્લ્ડકપમાં

| વર્ષ | ક્યાં રહ્યા |
|---|---|
| 2007 | સેમી ફાઇનલ |
| 2009 | ગ્રુપ સ્ટેજ |
| 2010 | રનરઅપ |
| 2012 | સેમી ફાઇનલ |
| 2014 | સુપર 10 |
| 2016 | સુપર 10 |
| 2021 | ચેમ્પિયન |
| 2022 | સુપર 12 |
| 2024 | સુપર 8 |
| 2026 | ગ્રુપ સ્ટેજ |

ઝિમ્બાબ્વે તેની અંતિમ ગ્રુપ મેચ 19 ફેબ્રુઆરીએ સહ-યજમાન શ્રીલંકા સામે રમશે. ગ્રુપ G2 માં શ્રીલંકા, ઈંગ્લેન્ડ, ન્યુઝીલેન્ડ અને પાકિસ્તાન અથવા યુએસએનો સમાવેશ થાય છે. તેમની તમામ મેચો કોલંબો અને પલ્લેકેલેમાં રમાશે. રઝાએ કહ્યું કે હું અને કોચ, અમે સાથે બેસીશું, અમારી પાસે શ્રીલંકા વિશેનો ડેટા છે અને અમે તે મેચ જીતવાનો પ્રયત્ન કરીશું. ક્વોલિફાય થવાથી અમારું અંતિમ ધ્યેય બદલાયો નથી. દરેક વ્યક્તિ અન્ડરડોગની વાર્તાને પસંદ કરે છે. અમે જે પણ પરિસ્થિતિમાં હોઈએ છીએ, જો અમને તાલીમ માટે એક કે બે દિવસ મળે, તો અમે તે પરિસ્થિતિઓને શીખવાનો પ્રયાસ કરીએ છીએ.

ટેબલ-ટોપર શ્રીલંકા (6) પહેલેથી જ સુપર 8 માટે ક્વોલિફાય થઈ ચૂક્યું હોવાથી, આ સ્પર્ધા ઝિમ્બાબ્વે અને આયર્લેન્ડ માટે ખૂબ મહત્વની હતી, જેઓ અનુક્રમે ચાર અને બે પોઈન્ટ ધરાવતા હતા. ઓસ્ટ્રેલિયા પણ ઝિમ્બાબ્વે અને શ્રીલંકા સામેની હાર બાદ બે પોઈન્ટ પર હતું. માજી ચેમ્પિયનને સ્પર્ધામાં ટકી રહેવા માટે ઝિમ્બાબ્વે તેની બાકીની બંને મેચ હારી જાય તેની જરૂર હતી, પરંતુ સતત વરસાદે તેમની આશાઓનો અંત લાવી દીધો.

# ફિલિપ્સ-રચિનની ઇનિંગથી કેનેડાને હરાવી ન્યૂઝીલેન્ડ સુપર એઇટમાં

**ટી-20** વર્લ્ડકપમાં સૌથી યુવા વયે સદી ફટકારવાનો રેકોર્ડ કરનાર યુવરાજની ઇનિંગ એળે ગઇ

**કેનેડાએ** મૂકેલા 174 રનના લક્ષ્યાંકને ન્યૂઝીલેન્ડે 15.1 ઓવરમાં બે વિકેટે કબજે કરી લીધો



ચેન્નાઈ, તા. 17 (પીટીઆઈ) : ટી-20 વર્લ્ડકપમાં આજે મંગળવારે અહીં રમાયેલી ગ્રુપ ડીની એક મેચમાં કેનેડાના યુવરાજ સમરા ટી૨૦ વર્લ્ડકપમાં સદી ફટકારનાર સૌથી યુવા બેટ્સમેન તો બન્યો, પરંતુ તેની એ ઈનિંગ છતાં ગ્લેન ફિલિપ્સની તોફાની ઈનિંગના કારણે ન્યુઝીલેન્ડે કેનેડાને 29 બોલ બાકી રાખીને આઠ વિકેટથી હરાવીને સુપર આઠમાં પોતાનું સ્થાન પાક્કું કરી લીધું હતું.

ભારતના વર્લ્ડકપ વિજેતા ઓલરાઉન્ડર યુવરાજ સિંહના નામ પરથી રખાયેલા નામને 19 વર્ષીય સમરાએ એ નામ પર ખરા ઉતરીને છેલ્લી ઓવરમાં આઉટ થયા પહેલા 65 બોલમાં 11 ચોગ્ગા અને છ છગ્ગાની મદદથી 110 રન બનાવ્યા અને તેની ઈનિંગથી કેનેડાએ પ્રથમ બેટિંગ કરતા ચાર વિકેટે 173 રન બનાવ્યા. ફિલિપ્સના 36 બોલમાં ચાર ચોગ્ગા અને છ છગ્ગાની મદદથી નોટઆઉટ 76 રન અને રચિન રવિન્દ્રના 39 બોલમાં નોટઆઉટ 59 રન તેમજ બંને વચ્ચેની નોટઆઉટ 146 રનની ભાગીદારીની મદદથી, ન્યુઝીલેન્ડે 15.1 ઓવરમાં બે વિકેટે 176 રન બનાવીને આઠ વિકેટે જીત મેળવી હતી. ન્યુઝીલેન્ડે ચાર મેચોમાં છ પોઈન્ટ સાથે પોતાનું ગ્રુપ સ્ટેજ અભિયાન પૂરું કર્યું અને ગ્રુપ ડીમાં દક્ષિણ આફ્રિકા પછી બીજા ક્રમે છે.

### ગ્રુપ ડીનું પોઇન્ટ ટેબલ

| ટીમ | મેચ | જીત | હાર | નો રિઝલ્ટ | પોઇન્ટ | નેટ રનરેટ |
|---|---|---|---|---|---|---|
| દ. આફ્રિકા Q | 3 | 3 | 0 | 0 | 6 | 1.477 |
| ન્યૂઝીલેન્ડ Q | 4 | 3 | 1 | 0 | 6 | 1.227 |
| અફઘાનિસ્તાન | 3 | 1 | 2 | 0 | 2 | -0.215 |
| યુએઇ | 3 | 1 | 2 | 0 | 2 | -0.797 |
| કેનેડા | 3 | 0 | 3 | 0 | 0 | -1.865 |

### કેનેડાનો યુવરાજ ટી-20 વર્લ્ડકપમાં સદી ફટકારનાર સૌથી યુવા ખેલાડી બન્યો



ચેન્નાઇ, તા. 17 : કેનેડાના 19 વર્ષીય ભારતીય મૂળના બેટ્સમેન યુવરાજ સમરાએ ટી-20 વર્લ્ડ પના ઇતિહાસમાં સદી ફટકારનાર સૌથી નાની ઉંમરનો ખેલાડી બનવાનો રેકોર્ડ બનાવ્યો છે. મંગળવારે અહીં ગ્રુપ ડી મેચમાં ન્યુઝીલેન્ડ સામે સમરાએ 65 બોલમાં કારકિર્દીની શ્રેષ્ઠ 110 રન ફટકાર્યા હતા. તેમના ક્રિકેટપ્રેમી પિતા, બલજીત સમરાએ તેમનું નામ ભારતીય ક્રિકેટ ટીમના ધમાકેદાર બેટ્સમેન યુવરાજ સિંહના નામ પરથી રાખ્યું હતું. આ પહેલા ટી-20 વર્લ્ડકપમાં સૌથી નાની ઉંમરે સદી ફટકારવાનો રેકોર્ડ પાકિસ્તાનના અહેમદ શહેઝાદના નામે હતો, જેમણે 2014માં 22 વર્ષની ઉંમરે આ સિદ્ધિ મેળવી હતી. સમરાનો જન્મ કેનેડાના બ્રેમ્પટનમાં થયો હતો અને તેના પિતા બલજીત હંમેશા તેના માટે પ્રોત્સાહનનો સ્ત્રોત રહ્યા છે. ગયા વર્ષે માર્ચમાં ડેબ્યૂ કરનાર સમરાએ પોતાના 19મા ટી20 આંતરરાષ્ટ્રીય મેચમાં આ સિદ્ધિ મેળવી હતી.

### ટી-20 વર્લ્ડકપમાં સૌથી યુવા વયે સદી

| ખેલાડી | દેશ | હરીફ | વય | વર્ષ |
|---|---|---|---|---|
| યુવરાજ સમરા | કેનેડા | ન્યૂઝીલેન્ડ | 19 વર્ષ 141 દિવસ | 2026 |
| અહેમદ શહઝાદ | પાકિસ્તાન | બાંગ્લાદેશ | 22 વર્ષ 127 દિવસ | 2014 |
| સુરેશ રૈના | ભારત | દ. આફ્રિકા | 23 વર્ષ 156 દિવસ | 2010 |
| એલેક્સ હેલ્સ | ઇંગ્લેન્ડ | શ્રીલંકા | 25 વર્ષ 83 દિવસ | 2014 |
| ગ્લેન ફિલિપ્સ | ન્યૂઝીલેન્ડ | શ્રીલંકા | 25 વર્ષ 327 દિવસ | 2022 |

# નેપાળે 12 વર્ષમાં પ્રથમ વખત ટી-20 વર્લ્ડકપમાં જીત મેળવી

**સ્કોટલેન્ડે** આપેલા 171 રનના લક્ષ્યાંકને નેપાળે 19.2 ઓવરમાં મેળવ્યો



મુંબઈ, તા. 17 (પીટીઆઈ): નેપાળની ક્રિકેટ ટીમે 12 વર્ષના લાંબા અંતર બાદ T20 વર્લ્ડ કપમાં ઐતિહાસિક વિજય મેળવ્યો છે. મંગળવારે વાનખેડે સ્ટેડિયમ ખાતે રમાયેલી ગ્રુપ-Cની મેચમાં નેપાળે સ્કોટલેન્ડને 7 વિકેટે હરાવીને 2014 પછીની પોતાની પ્રથમ જીત નોંધાવી હતી. આ જીત સાથે નેપાળે 19,000થી વધુ ચાહકોની હાજરીમાં આ ટૂર્નામેન્ટમાંથી યાદગાર વિદાય લીધી હતી. 171 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી નેપાળની શરૂઆત કુશલ ભૂર્તેલે આક્રમક રીતે કરી હતી. જોકે, જીતનો અસલી હીરો દીપેન્દ્ર સિંહ એરી રહ્યો હતો, જેણે માત્ર 23 બોલમાં 3 છગ્ગા અને 4 ચોગ્ગાની મદદથી અણનમ 50 રન ફટકાર્યા હતા. તેની સાથે ગુલસન ઝાએ પણ 24 રનનું મહત્વનું યોગદાન આપ્યું હતું. બંને વચ્ચે ચોથી વિકેટ માટે 73 રનની અતૂટ ભાગીદારી થઈ હતી, જેના કારણે નેપાળે 19.2 ઓવરમાં લક્ષ્યાંક હાંસલ કરી લીધો હતો.

### રાઇઝીંગ સ્ટાર્સ : નેપાળને હરાવી ભારત-એ સેમી ફાઇનલમાં

બેંગકોક, તા. 17 (પીટીઆઈ) : સીનિયર ટીમની બોલરો તનુજા કંવર અને મિન્નુ મણિના શાનદાર પ્રદર્શનના આધારે, ઈન્ડિયા એ ટીમે મંગળવારે અહીં નેપાળને સાત વિકેટથી હરાવીને મહિલા એશિયા કપ રાઈઝિંગ સ્ટાર્સ ક્રિકેટ ટુર્નામેન્ટની સેમિફાઈનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું. ડાબોડી સ્પિનર તનુજાએ ૧૨ રન આપીને ચાર વિકેટ લીધી, જ્યારે મિન્નુએ આઠ રન આપીને ત્રણ વિકેટ લીધી. બંને સ્પિનરોની ઉત્તમ બોલિંગને કારણે ભારતે નેપાળને ૧૮ ઓવરમાં માત્ર ૭૮ રનમાં ઓલઆઉટ કરી દીધું. દિનેશ વૃંદાના ૧૮ બોલમાં શાનદાર અણનમ ૩૯ રનની મદદથી ભારત A એ માત્ર ૭.૫ ઓવરમાં ત્રણ વિકેટે ૮૨ રન બનાવીને બે પોઈન્ટ મેળવ્યા. ભારતીય ટીમ હવે ગ્રુપ A માં ચાર પોઈન્ટ સાથે ટોચ પર છે. આ ગ્રુપમાંથી સેમિફાઈનલમાં ૫ હોંચનારી બીજી ટીમનો નિર્ણય યુએઈ અને પાકિસ્તાન એ વચ્ચેની મેચ પછી લેવામાં આવશે.

# ઈમરાન સાથે ન્યાયી વર્તન કરો : કપિલ-ગાવસ્કર સહિતનાની પાક સરકારને અપીલ

**14 કેપ્ટનોમાં** આથર્ટન, બોર્ડર, બ્રિયરલી, ગ્રેગ, ઇયાન, બેલિન્ડા, ગ્રોવર, હ્યુજીસ, હુસૈન, લોયડ, સ્ટીવ વો અને રાઇટનો પણ સમાવેશ

નવી દિલ્હી, તા. 17 : સુનીલ ગાવસ્કર અને કપિલ દેવ સહિત ભૂતપૂર્વ ઈન્ટરનેશનલ ક્રિકેટ કેપ્ટનોના એક જૂથે એક સંયુક્ત નિવેદન જારી કરીને પાકિસ્તાન સરકારને વિનંતી કરી છે કે ભૂતપૂર્વ વડા પ્રધાન અને વર્લ્ડ કપ વિજેતા કેપ્ટન ઈમરાન ખાનને તાત્કાલિક અને પૂરતી તબીબી સહાય મળે અને કસ્ટડીમાં તેમની સાથે સન્માનપૂર્વક વર્તન કરવામાં આવે.

17 ફેબ્રુઆરીના રોજ બહાર પાડવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ભૂતપૂર્વ કેપ્ટનો જેલમાં હતા ત્યારે ખાનની દ્રષ્ટિમાં તીવ્ર બગાડના અહેવાલો તેમજ છેલ્લા અઢી વર્ષમાં તેમની અટકાયતની સ્થિતિથી ખૂબ ચિંતિત હતા. સહી કરનારાઓમાં માઈકલ આથર્ટન, એલન બોર્ડર, માઈકલ બ્રિયરલી, ગ્રેગ ચેપલ, ઈયાન ચેપલ, બેલિન્ડા ક્લાર્ક, સુનીલ ગાવસ્કર, ડેવિડ ગોવર, કિમ હ્યુજીસ, નાસેર હુસૈન, ક્લાઈવ લોયડ, કપિલ દેવ, સ્ટીફન વો અને જોન રાઈટનો સમાવેશ થાય છે.

નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે અમે, અમારી રાષ્ટ્રીય ક્રિકેટ ટીમોના ભૂતપૂર્વ કેપ્ટન, પાકિસ્તાનના પ્રતિષ્ઠિત ભૂતપૂર્વ કેપ્ટન અને વિશ્વ ક્રિકેટના એક મહાન વ્યક્તિ, ઈમરાન ખાન સાથે થયેલા વર્તન અને જેલવાસની સ્થિતિ અંગે ઊંડી ચિંતા સાથે લખી રહ્યા છીએ.

### મોડલ અદિતિ ઇશાનની ગર્લફ્રેન્ડ છે : કિશનના દાદાએ કન્ફર્મ કર્યું



નવી દિલ્હી, તા. 17 : સ્ટાર વિકેટકીપર-બેટર ઇશાન કિશનનો સિતારો હાલમાં જોરમાં છે. ટી-20 વર્લ્ડકપમાં કટ્ટર હરીફ પાકિસ્તાન સામે ભારતની રેકોર્ડ 61 રનની જીતમાં તેની ભૂમિકા મુખ્ય રહી હતી. જોકે, કિશન મેદાનની બહાર પણ હેડલાઇન્સમાં છવાયેલો છે, તેની ગર્લફ્રેન્ડ અંગે લાંબા સમયથી ચાલતી અટકળો પર વિરામ મૂકતા તેના દાદાએ તેના પ્રેમ સંબંધની સ્થિતિની પુષ્ટિ કરી છે. બિહારના ઔરંગાબાદમાં સમાચાર એજન્સી સાથે વાત કરતા, કિશનના દાદા, અનુરાગ પાંડેએ પુષ્ટિ કરી હતી કે તેમનો પૌત્ર હાલમાં મોડેલ અદિતિ હુંડિયાને ડેટ કરી રહ્યો છે. તેમણે સાથે જ કહ્યું હતું કે ઈશાન જેની સાથે પણ લગ્ન કરવાનું પસંદ કરે છે, હું તેનો નિર્ણય સંપૂર્ણપણે સ્વીકારું છું.

# BBL એક મેચ ભારતમાં યોજવાની ક્રિકેટ ઓસ્ટ્રેલિયાની યોજના : રિપોર્ટ

**ક્રિકેટ** ઓસ્ટ્રેલિયાનું પગલું BBLને ભારતીય બજાર સાથે જોડવાની વ્યાપક વ્યૂહરચનાનો એક ભાગ

મેલબોર્ન, તા. 17 (પીટીઆઈ) : એક સ્થાનિક મીડિયા રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે ક્રિકેટ ઓસ્ટ્રેલિયા (સીએ) આગામી સિઝનમાં ભારતમાં બિગ બેશ લીગ (બીબીએલ) મેચનું આયોજન કરવાનું વિચારી રહ્યું છે જેથી આકર્ષક અને નફાકારક બજારમાં તેની હાજરી મજબૂત થઈ શકે.

'સેન ક્રિકેટ'ના એક અહેવાલ મુજબ, CAનું આ પગલું BBLને ભારતીય બજાર સાથે જોડવાની વ્યાપક વ્યૂહરચનાનો એક ભાગ છે. એવું માનવામાં આવે છે કે આ પગલું લીગની આઠ ફ્રેન્ચાઈઝીમાંથી ઓછામાં ઓછી બેના સંભવિત વેચાણ પહેલા લેવામાં આવ્યું છે.

અહેવાલો અનુસાર, બે વરિષ્ઠ CA અધિકારીઓએ તાજેતરમાં ભારતની મુલાકાત લીધી હતી અને અહીં મેચ યોજવાની શક્યતા અંગે ચર્ચા કરી હતી. ચેન્નાઈ એક સંભવિત યજમાન શહેર તરીકે ઉભરી આવ્યું છે.

અહેવાલમાં જણાવાયું છે કે 'બિઝનેસ ઓપરેશન્સ'ના વડા ફિલ રિગ્બી અને સ્પર્ધા વિકાસ અને વ્યૂહરચના વડા માર્ગોટ હાર્લી ભારત પહોંચ્યા હતા જ્યાં વિદેશી ધરતી પર મેચના આયોજનના લોજિસ્ટિક્સ પર ચર્ચા થઈ હતી. અહેવાલો અનુસાર, પર્થ સ્કોર્ચર્સ ભારતમાં રમવા માટે યોગ્ય ટીમ માનવામાં આવે છે. પર્થનો સમય ઝોન ભારત માટે યોગ્ય છે, અને વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયા ક્રિકેટ એસોસિએશન (WACA) ફ્રેન્ચાઈઝીમાં રોકાણ કરવા માટે ભારતીય ઉદ્યોગપતિઓ સાથે વાતચીત કરી રહ્યું છે.

જોકે, રિપોર્ટમાં એ પણ સ્પષ્ટતા કરવામાં આવી છે કે કરાર હજુ સુધી અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યો નથી કારણ કે તેને બ્રોડકાસ્ટર અને BCCI સહિત વિવિધ હિસ્સેદારોની મંજૂરીની જરૂર પડશે. બિગ બેશ લીગ વિશ્વની ટોચની ટી20 લીગમાંની એક છે. પર્થ સ્કોર્ચર્સ લીગની સૌથી સફળ ટીમ છે, જેણે છ વખત ટાઇટલ જીત્યું છે.

# નેધરલેન્ડ સામે આજે અભિષેક પાસે મોટી ઇનિંગની રાહ જોતું અમદાવાદ

**ટી-20** વર્લ્ડકપમાં સ્પિનરોનો સામનો કરવામાં પોતાની નબળાઇ સુધારવા પર ભારતીય ટીમની નજર

અમદાવાદ, તા. 17 (પીટીઆઈ) : ટી-20 વર્લ્ડકપમાં આવતીકાલે બુધવારે અહીં નેધરલેન્ડ સામેની ગ્રુપ-એની એક મેચમાં છેલ્લી બે ઈનિંગ્સમાં ખાતું ખોલવામાં નિષ્ફળ રહેલો ઓપનર અભિષેક શર્મા મોટી ઈનિંગ્સ રમવા માટે કટિબદ્ધ રહેશે, જ્યારે અન્ય ભારતીય બેટ્સમેન પણ સુપર એઈટ તબક્કા પહેલા સ્પિન સામે વધુ સારું પ્રદર્શન કરવા માટે પ્રયત્નશીલ રહેશે. અભિષેક શર્માએ છેલ્લા 18 મહિનામાં આ ફોર્મેટમાં પોતાને એક ખતરનાક ખેલાડી સાબિત કર્યો છે પરંતુ તે હજુ સુધી ઘરઆંગણે રમાઈ રહેલી ટુર્નામેન્ટમાં પોતાની પ્રતિભા દર્શાવી શક્યો નથી. અમેરિકા સામેની પહેલી મેચમાં શૂન્ય રને આઉટ થયા બાદ, પેટના ચેપને કારણે તે નામિબિયા સામેની બીજી મેચ ગુમાવી હતી અને તે પછી પાકિસ્તાન સામેની છેલ્લી મેચમાં તે પાછો ફર્યો પરંતુ રન કરવામાં નિષ્ફળ ગયો. પરંતુ અભિષેકના રનના અભાવથી જો કે ટીમના પ્રદર્શન પર કોઈ મોટી અસર કરી નથી, કારણ કે બીજા છેડે ઈશાન કિશન શાનદાર ફોર્મમાં છે. અભિષેક જોખમ લેવાથી ડરતો નથી, અને તેની નીડર બેટિંગે ભારતને ઘણી મેચ જીતવામાં મદદ કરી છે. પરંતુ 25 વર્ષીય ખેલાડીના છેલ્લી છ ઈનિંગ્સમાં ચાર વાર જે રીતે આઉટ થયો તે સૂચવે છે કે તેણે પાવરપ્લેમાં તેની વ્યૂહરચનાની સમીક્ષા કરવાની જરૂર છે. અભિષેકની આક્રમક બેટ્સમેન તરીકેની છબી જોતાં, એ સ્પષ્ટ છે કે વિરોધી ટીમોએ આ ભારતીય ઓપનરનો સામનો કરવા માટે વધારાની તૈયારીઓ કરી છે.

### ભારતીય ટીમની નેટ પ્રેક્ટિસ: અભિષેક શર્મા ફોર્મમાં



અમદાવાદ, તા. 17 (પીટીઆઈ): નેધરલેન્ડ સામેની T-20 વર્લ્ડકપ મેચની પૂર્વસંધ્યાએ ભારતીય ટીમના નેટ સેશનમાં સ્પિન બોલિંગ અને અભિષેક શર્માની આક્રમક બેટિંગ કેન્દ્રસ્થાને રહી હતી. ટૂર્નામેન્ટમાં હજુ સુધી ખાતું ન ખોલાવી શકનાર અભિષેકે એક કલાકથી વધુ સમય બેટિંગ કરી વરુણ ચક્રવર્તી અને નેટ બોલરો સામે ચોગ્ગા-છગ્ગાની રમઝટ બોલાવી હતી. તેણે કુલદીપ યાદવ સામે પણ શાનદાર શોટ્સ રમ્યા હતા. તિલક વર્મા અને રિંકુ સિંહે પણ સ્પિનરો સામે લાંબો સમય પ્રેક્ટિસ કરી હતી. ખાસ વાત એ હતી કે, બેટિંગ બાદ રિંકુ સિંહે નેબિબિયાના સુકાની ગેરાર્ડ ઇરાસ્મસની જેમ અનોખી 'રાઉન્ડ આર્મ' એક્શનથી ઓફ-સ્પિન બોલિંગ કરી હતી. પાકિસ્તાન સામેની છેલ્લી મેચમાં સ્પિનરો સામે ભારતીય બેટ્સમેનોના નબળા દેખાવને જોતા આ સત્રમાં ધીમા બોલરો પર વધુ ધ્યાન આપવામાં આવ્યું હતું.

### દક્ષિણ આફ્રિકા અને UAE વચ્ચેની આજની મેચમાં બ્રેવિસ પર નજર

નવી દિલ્હી, તા. 17 : ટી-20 વર્લ્ડકપમાં આવતીકાલે બુધવારે પોતાની અંતિમ મેચમાં દક્ષિણ આફ્રિકા સંઘર્ષ કરી રહેલા યુએઈ સામે મેદાને ઉતરશે ત્યારે તેઓ યુવા વિસ્ફોટક બેટ્સમેન ડેવાલ્ડ બ્રેવિસના ફોર્મ પર ઉત્સુકતાથી નજર રાખશે. દક્ષિણ આફ્રિકા ત્રણ જીત સાથે સુપર આઠમાં સ્થાન મેળવી ચૂક્યું છે, જેમાં અફઘાનિસ્તાન સામે બે સુપર ઓવરમાં રોમાંચક વિજય અને ન્યુઝીલેન્ડ સામે સાત વિકેટથી પ્રભાવશાળી વિજયનો સમાવેશ થાય છે. યુએઇમાટે, આ મેચ માર્કો જાનસેન, કાગીસો રબાડા અને લુંગી ન્ગીડી જેવા ઝડપી બોલરો સામે પોતાને ચકાસવાની તક હશે. આંતરરાષ્ટ્રીય સ્તરે તેઓ ભાગ્યે જ આવા આક્રમક લાઇનઅપનો સામનો કરે છે.

### પાકિસ્તાન માટે આજે નામિબીયા સામે કરો યા મરો મુકાબલો

કોલંબો, તા. 17 (પીટીઆઇ) : ટી-20 વર્લ્ડકપમાં પોતાના કટ્ટર હરીફ ભારત સામે કારમી હાર બાદ, પાકિસ્તાનનું અભિયાન એક મહત્વપૂર્ણ વળાંક પર પહોંચી ગયું છે અને તેના કારણે બુધવારની નામિબિયા સામેની મેચ તેમના માટે કરો યા મરોની સ્થિતિ બની ગઈ છે. એક સમયે, પાકિસ્તાન સુપર આઠમાં સ્થાન મેળવવા માટે સારી સ્થિતિમાં દેખાતું હતું, પરંતુ ભારત સામેની હારથી તેમને મોટો ફટકો પડ્યો છે, જેના કારણે તેઓ તેમની છેલ્લી ગ્રુપ-એ મેચમાં કરો યા મરોની સ્થિતિનો સામનો કરી રહ્યા છે. વર્લ્ડકપમાં દરેક ગ્રુપમાંથી ફક્ત ટોચની બે ટીમો સુપર આઠમાં પ્રવેશ કરશે. પાકિસ્તાન હાલમાં ભારત અને અમેરિકા પછી ત્રીજા સ્થાને છે.

# નબીના ઓલરાઉન્ડ પ્રદર્શનથી જમ્મુ-કાશ્મીર રણજી ટ્રોફીની ફાઇનલમાં પહોંચવાની નજીક

**મેચમાં** કુલ નવ વિકેટ લેનારા આકિબ નબીએ નવમાં ક્રમે બેટિંગ કરતાં 42 રનની ઇનિંગ રમી

કલ્યાણી, તા. 17 : ઝડપી બોલર આકિબ નબીના ઓલરાઉન્ડ પ્રદર્શનથી જમ્મુ અને કાશ્મીરે મંગળવારે રણજી ટ્રોફી સેમિફાઈનલના ત્રીજા દિવસે બંગાળ સામે પોતાની સ્થિતિ મજબૂત કરી અને પહેલીવાર ફાઈનલમાં પહોંચવાની નજીક પહોંચી ગયું. મેચમાં નવ વિકેટ લેનારા નબીએ જમ્મુ અને કાશ્મીરની પહેલી ઈનિંગમાં નવમા નંબરે બેટિંગ કરતી વખતે 42 રનની મહત્વપૂર્ણ ઈનિંગ રમી હતી, જેના કારણે બંગાળ મોટી લીડ લેવામાં નિષ્ફળ ગયું. નબીના ઓલરાઉન્ડ પ્રદર્શને ભારતીય બોલર મોહમ્મદ શમીની શાનદાર બોલિંગને ઢાંકી દીધી. શમીએ જમ્મુ અને કાશ્મીરની પ્રથમ ઈનિંગમાં 22.1 ઓવરમાં 90 રન આપીને આઠ વિકેટ લીધી. બંગાળના પ્રથમ ઈનિંગના કુલ 328 રનના જવાબમાં, જમ્મુ અને કાશ્મીરની ટીમ 302 રનમાં ઓલઆઉટ થઈ ગઈ. પહેલી ઈનિંગમાં પાંચ વિકેટ લેનારા નબીએ બીજી ઈનિંગમાં પણ ચાર વિકેટ લીધી, જેના કારણે બંગાળની ટીમ બીજી ઈનિંગમાં માત્ર 25.1 ઓવરમાં 99 રનમાં ઓલઆઉટ થઈ ગઈ.

### વિન્ટર ઓલિમ્પિક્સમાં વિવાદ: કર્લિંગમાં ખેલાડીઓના વિરોધ બાદ અમ્પાયરોને મેદાનમાંથી હટાવવા પડ્યા

કોર્ટીના ડી'એમ્પેઝ્ઝો (ઈટાલી), તા. 17 (એપી): વિન્ટર ઓલિમ્પિક્સમાં 'કર્લિંગ' રમત દરમિયાન નિયમોના ભંગ અને અમ્પાયરિંગને લઈને મોટો વિવાદ સર્જાયો છે. વર્લ્ડ કર્લિંગ ફેડરેશને રમત પર દેખરેખ વધારવાનો નિર્ણય લીધાના માત્ર 24 કલાકમાં જ ખેલાડીઓના વિરોધને પગલે પીછેહઠ કરવી પડી છે. વિવાદ ત્યારે શરૂ થયો જ્યારે સ્વીડનના ખેલાડીએ કેનેડાના માર્ક કેનેડી પર પથ્થર છોડ્યા બાદ ફરીથી તેને સ્પર્શ કરવાનો (ડબલ ટચનો) આરોપ લગાવ્યો. આ પછી ફેડરેશને નિયમોનું કડક પાલન કરાવવા માટે બે અમ્પાયરોને મેદાન પર ઉતાર્યા, જેમણે કેનેડા અને બ્રિટનના ખેલાડીઓના પથ્થર રમતમાંથી દૂર કર્યા. જોકે, ખેલાડીઓએ આ વધારાની દેખરેખ સામે નારાજગી વ્યક્ત કરી હતી. ખેલાડીઓનું માનવું છે કે કર્લિંગ એક એવી રમત છે જેમાં ખેલાડીઓ પોતે જ શિસ્ત જાળવે છે અને આકસ્મિક રીતે પથ્થરને અડી જવું એ 'ચીટિંગ' નથી. રવિવારે મળેલી બેઠક બાદ પંચે નિર્ણય બદલ્યો છે કે હવે અમ્પાયરો મેદાનમાં હાજર નહીં રહે, પરંતુ જરૂર પડશે ત્યારે જ બોલાવવામાં આવશે. ખેલાડીઓના મતે ઓલિમ્પિકમાં લાગણીઓ જોડાયેલી હોય છે, પરંતુ આ બાબતને ખોટી રીતે વધારે પડતી ચગાવવામાં આવી હતી.

# યમાલ પેનલ્ટી ચૂક્યો, બાર્સેલોના એક અઠવાડિયામાં બીજી મેચ હાર્યું

**ગિરોના** સામે 1-2થી મળેલી હારને પગલે બાર્સેલોનાએ રિયલ મેડ્રિડને પાછળ છોડવાની તક ગુમાવી



ગિરોના (સ્પેન), તા. 17 (એપી) : સ્પેનિશ ફૂટબોલ લીગ લા લિગામાં લેમિન યમાલે પેનલ્ટી ચૂકી જતાં બાર્સેલોના સોમવારે ગિરોના સામે 2-1થી હારી ગયું, જેના કારણે રીઅલ મેડ્રિડને પાછળ છોડીને ટોચ પર પહોંચવાની તક ગુમાવી દીધી. એક અઠવાડિયા કરતાં ઓછા સમયમાં બાર્સેલોનાની બીજી હારથી તેઓ ટેબલમાં બીજા સ્થાને આવી ગયા, જે અગ્રણી રીઅલ મેડ્રિડથી બે પોઈન્ટ પાછળ છે. જો તેઓ જીત્યા હોત તો બાર્સેલોના તેના કટ્ટર હરીફ કરતા આગળ થયું હોત, પરંતુ હવે તેમના 24 મેચોમાં 58 પોઈન્ટ છે, જ્યારે રીઅલ મેડ્રિડના પણ એટલી જ મેચોમાં 60 પોઈન્ટ છે. ગયા અઠવાડિયે કોપા ડેલ રેમાં બાર્સેલોના એટલેટિકો મેડ્રિડ સામે 4-0થી હારી ગઈ હતી. હાફ ટાઈમ પહેલા યમાલે પેનલ્ટી પર ગોલ ચૂક્યો હતો. જોકે બીજા હાફની શરૂઆતમાં પાઉ કુબાર્સીએ કરેલા ગોલ દ્વારા બાર્સેલોનાએ સરસાઈ મેળવી લીધી. માત્ર ત્રણ મિનિટ પછી, ગિરોનાએ જોરદાર વાપસી કરી અને થોમસ લેમર અને સબસ્ટિટ્યૂટ ફ્રેન બેલ્ટ્રાનના ગોલની મદદથી મેચ પર નિયંત્રણ મેળવીને મેચ જતી હતી.